### પ્રિન્કલ ધનુરધારી અને કેરેસ્ટ્રે ફાઉન્ડેશને વિરોધ વ્યક્ત કર્યો

# સુરસાગર સહિતના તળાવોમાં અસંખ્ય માછલીઓના સામૂહિક મોત મામલે રજૂઆત

**કલેક્ટરને** આવેદનપત્ર પાઠવી તંત્રની ઘોર બેદરકારી સામે મજબૂત તપાસની માંગ કરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા સંસ્કારી નગરી તરીકે ઓળખાય છે, પરંતુ આજે તેના ઐતિહાસિક જળાશયો અને નદીઓ પ્રદૂષણના ગંભીર ભરડામાં સપડાયા છે. છેલ્લા એક મહિનાથી શહેરમાં જળચર જીવસૃષ્ટિ પર અત્યાર સુધીનું સૌથી મોટું સંકટ તોળાઈ રહ્યું છે. શહેરની શાન સમાન સુરસાગર ઉપરાંત સમા, દંતેશ્વર, ગોરવા, ગોત્રી તળાવ અને જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદીમાં અસંખ્ય માછલીઓ ટપોટપ મરી રહી છે. આ ગંભીર પર્યાવરણીય કટોકટીના વિરોધમાં આજે કેરેસ્ટ્રે ફાઉન્ડેશન અને પ્રિન્કલ ધનુરધારી ફાઉન્ડેશન દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રજૂઆત કરવામાં આવી હતી. બંને સંસ્થાઓના હોદ્દેદારોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક પગલાં ભરવા રજૂઆત કરી હતી. સામાજિક સંસ્થાઓએ વહીવટી તંત્ર પર સીધો પ્રહાર કરતા આક્ષેપ કર્યો છે કે, વડોદરા મહાનગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે શુદ્ધિકરણ વગરનું ગટરનું ગંદુ પાણી સીધું તળાવોમાં ઠલવાઈ રહ્યું છે. આ ઉપરાંત, આસપાસના ઔદ્યોગિક એકમો દ્વારા કોઈ પણ જાતના ડર વગર કેમિકલયુક્ત ઝેરી પાણી નદી અને તળાવોમાં છોડવામાં આવી રહ્યું છે. તંત્રની મોનિટરિંગ વ્યવસ્થા સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ છે, જેના કારણે વડોદરાના ‘ફેફસાં’ સમાન આ જળાશયો આજે મૃત્યુઘાટ બની ગયા છે. જળાશયોમાં અસંખ્ય માછલીઓ સડી જવાથી સમગ્ર વિસ્તારમાં અસહ્ય અને માથું ફાડી નાખે તેવી દુર્ગંધ ફેલાઈ છે.

# શિરકાઈ દેવી સેવા મંડળ દ્વારા 80 વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ



**યુનિફોર્મ,** સ્કૂલ બેગ, નોટબુક, બુટ-મોજા સહિતની જરૂરી સામગ્રી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 15

શિરકાઈ દેવી સેવા મંડળ, વડોદરા દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે હરીપુરા, શંકરપુરા અને નાનાપુરા ગામોની શાળાઓમાં અભ્યાસ કરતા આશરે 80 વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને બે જોડી સ્કૂલ યુનિફોર્મ, સ્કૂલ બેગ, નોટબુક, શૈક્ષણિક ઉપયોગી સાધનો તેમજ બુટ અને મોજાની ભેટ આપવામાં આવી હતી. આ વિતરણ કાર્યક્રમ શ્રી ગિરીશ જોશી, શ્રીમતી વસુંધરા જોશી, ડૉ. અશોક લુક્તુકે, અમર હરપાળે અને શશીકાંત શિરકેના હસ્તે યોજાયો હતો. વિતરણ બાદ તમામ વિદ્યાર્થીઓને ફૂડ પેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને મન લગાવી અભ્યાસ કરવા અને જીવનમાં આગળ વધવા પ્રેરણા આપી હતી.

### જંબુસરની પીવાની પાણીની સમસ્યા: દંપતીએ ધરણા શરૂ કર્યા

# ‘ચૂંટણીના વાયદા નહીં, કાયમી ઉકેલ અપાવો’; સ્થાનિકોનો ટેકો, વહીવટી તંત્રમાં દોડધામ

પીનલબેન-સંજય પટેલનો અન્ન ત્યાગ, પોલીસ બંદોબસ્ત તૈનાત



(પ્રતિનિધિ) ભરૂચ, તા.15

જંબુસર નગરમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાને લઈને સ્થાનિક દંપતીએ આમરણાંત ધરણા શરૂ કર્યા છે. પીનલબેન પટેલ અને તેમના પતિ સંજય પટેલે આજે જંબુસર પ્રાંત કચેરી બહાર અન્ન અને જળનો ત્યાગ કરીને અનિશ્ચિત ધરણા પર બેસવાની ઘોષણા કરી છે. દંપતીનો આક્ષેપ છે કે વર્ષોથી નગરજનોને શુદ્ધ અને મીઠું પીવાનું પાણી મળતું નથી. ચૂંટણી સમયે નેતાઓ દ્વારા મોટા વાયદા કરવામાં આવે છે, પરંતુ કોઈ કાયમી ઉકેલ નથી આવતો. વારંવારની રજૂઆતો છતાં સમસ્યા વણસી હોવાથી અંતે આ દંપતીએ આ ચરમપગલું ભરવાની ફરજ પડી છે. ઘટનાની ગંભીરતા જોતાં જંબુસર પોલીસનો કાફલો પ્રાંત કચેરી ખાતે તૈનાત કરવામાં આવ્યો છે. સ્થાનિક નાગરિકો ધરણાધારીઓના સમર્થનમાં ઊભા છે અને તાત્કાલિક મીઠા પાણીની માંગને જોરદાર અવાજ આપી રહ્યા છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે ચોમાસાનું પાણી સંગ્રહ કરી સમસ્યા હલ કરી શકાય છે. જો ટૂંક સમયમાં નિરાકરણ નહીં લાવવામાં આવે, તો આંદોલન વિકરાળ સ્વરૂપ લઈ શકે છે, અને હજારો લોકો ધરણા પર આવી શકે છે. પ્રશાસન પર હવે સખત કાર્યવાહી કરવાનો દબાણ વધી ગયું છે.

### વડોદરા ગ્રામ્યમાં બાળમૃત્યુ દર ઘટાડવા સંકલ્પ

# જિલ્લામાં તા.૩૧ જુલાઈ સુધી ‘સ્ટોપ ડાયેરિયા કેમ્પેઈન’ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં બાળમૃત્યુના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો લાવવા તેમજ પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સમયસર અને અસરકારક સારવાર ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્ય સાથે આરોગ્ય વિભાગ, વડોદરા દ્વારા તા. ૦૧ જૂનથી “સ્ટોપ ડાયેરિયા કેમ્પેઈન”નો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે તા. ૩૧ જુલાઈ સુધી ચાલશે. બાળકોમાં થતા ઝાડા એ બાળમૃત્યુ માટે જવાબદાર મુખ્ય પરિબળોમાંનું એક છે, જેને અટકાવવા માટે આ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ મુજબ ગુજરાત રાજ્યમાં બાળકોમાં થતા ઝાડાનો વ્યાપ ૮.૨ ટકા છે, જે દેશના સરેરાશની સરખામણીએ ચિંતાજનક છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને બાળકોમાં થતા ઝાડાને અટકાવવાના પ્રયાસો, તેની સચોટ સારવાર અને યોગ્ય વ્યવસ્થાપન દ્વારા બાળમૃત્યુ દરમાં ઘટાડો લાવવા વડોદરા જિલ્લા તંત્ર કટિબદ્ધ બન્યું છે. આ બે મહિના સુધી ચાલનારા લાંબા અભિયાન અંતર્ગત પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ઓ. આર. એસ. પેકેટ અને ઝિંક ટેબ્લેટ સરળતાથી ઉપલબ્ધ થાય તેવી સચોટ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જિલ્લાના તમામ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, અર્બન હેલ્થ સેન્ટર્સ, સબ સેન્ટરો તેમજ આશા ક્લિનિક/આંગણવાડી કેન્દ્રો ખાતે આ દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, ગ્રામ્ય સ્તરે આશા વર્કર બહેનો દ્વારા રૂબરૂ ઘરે-ઘરે જઈને ઓ. આર. એસ. પેકેટ અને ઝિંક ટેબ્લેટનું વિતરણ કરવામાં આવશે.

## કુંભારવાડા ફાયરિંગ કેસમાં ચાર આરોપીઓ જેલ હવાલે કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

કુંભારવાડા વિસ્તારમાં બનેલી ફાયરિંગની ગંભીર ઘટનાને પગલે કુંભારવાડા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.જે. પાંડવના માર્ગદર્શન હેઠળ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે સુફીયાન ઉર્ફે અલ્લા અલ્લા શેખ, વહાબ ઉર્ફે ખાટકી શેખ, સોયેલ ઉર્ફે બોટલ બેલીમ અને મોહસીન ઉર્ફે બટન પઠાણની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી બે પિસ્તોલ, એક જીવતો કારતુસ, બે ફૂટેલા કારતુસ, પાંચ તલવારો અને બે ચપ્પા સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરમિયાન પોલીસે આરોપીઓની સઘન પૂછપરછ કરી જરૂરી માહિતી એકત્ર કરી હતી. રિમાન્ડ પૂર્ણ થતાં ચારેય આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને જેલ હવાલે કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

### વડોદરાના સોખડા ખાતે કાર્યક્રમનું આયોજન

# નાણામંત્રી કમલેશ પટેલના અધ્યક્ષસ્થાને ‘વિકસિત ભારત સંકલ્પ સંમેલન’ યોજાશે

**સંમેલનમાં** સહભાગી થવા જિલ્લા વહીવટી તંત્ર, વડોદરા દ્વારા તમામ નાગરિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડાપ્રધાનના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે વડોદરા જિલ્લા કક્ષાના ‘વિકસિત ભારત સંકલ્પ અને પ્રબુધ્ધ નાગરિક સંમેલન’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર વડોદરા દ્વારા આજે તા.૧૬-૦૬-૨૦૨૬ મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે હરીધામ સોખડા, વડોદરા ખાતે રાજ્યકક્ષાના નાણા, પોલીસ હાઉસીંગ, જેલ, સરહદી સુરક્ષા, નશાબંધી અને આબકારી મંત્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાશે.

કાર્યક્રમમા સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર, ડભોઈના ધારાસભ્યશ્રી શૈલેષ મહેતા, કરજણના ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ, પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, અને વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહજી વાઘેલા સહિતના અનેક મહાનુભાવો પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહેશે. આ સંમેલનમાં સહભાગી થવા જિલ્લા વહીવટી તંત્ર, વડોદરા દ્વારા તમામ નાગરિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આમ આ ભવ્ય કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકર્તાઓને નિષ્પક્ષ રીતે હાજર રહી દેશના તેમજ નગરના વિકાસમાં સહભાગી બનવા માટે આહવાન કરવામાં આવ્યુ છે.

### વિશ્વામિત્રી પ્રોજેક્ટની લીધી મુલાકાત

# નોર્વેના પૂર્વ પર્યાવરણ મંત્રી એરિક સોલહેમ વડોદરાના મહેમાન બન્યાં

**મ્યુનિસિપલ કમિશનરે** ફિલ્ડ વિઝિટ કરાવી પ્રેઝન્ટેશન દ્વારા પ્રોજેક્ટની વિસ્તૃત માહિતી આપી



#### વિશ્વામિત્રી પ્રોજેક્ટની ઝીણવટભરી વિગતો

» **નદી શુદ્ધિકરણ** : ગંદા પાણીને નદીમાં જતું અટકાવવા માટે એસટીપી પ્લાન્ટની ક્ષમતા વધારવી.

» **મગર સંરક્ષણ** : વિશ્વામિત્રી નદી એ મગરોનું કુદરતી ઘર છે, તેથી મગરોના આવાસને નુકસાન ન થાય તે રીતે ઇકો-ફ્રેન્ડલી ડેવલપમેન્ટ કરવું.

» **ગ્રીન બેલ્ટ અને બ્યુટીફિકેશન** : નદી કિનારે મોટા પાયે વૃક્ષારોપણ કરી વડોદરાના ગ્રીન કવરને વધારવું.

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરાના મહેમાન બનેલા નોર્વેના પૂર્વ પર્યાવરણ મંત્રી અને સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમના પૂર્વ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર એરિક સોલહેમે વડોદરાની મુલાકાત લીધી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરની જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદીના પુનરુત્થાન માટે હાથ ધરવામાં આવેલા મહત્વકાંક્ષી વિશ્વામિત્રી રિવર ફ્રન્ટ અને ઈકો-રિસ્ટોરેશન પ્રોજેક્ટમાં તેમણે વિશેષ રસ દાખવ્યો હતો. મ્યુનિસિપલ કમિશનર દ્વારા એરિક સોલહેમ અને તેમના પ્રતિનિધિમંડળનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કમિશનરે પોતે સોલહેમને વિશ્વામિત્રી નદીના વિવિધ સ્થળોની ફિલ્ડ વિઝિટ કરાવીને પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યના આયોજનથી માહિતગાર કર્યા હતા. ફિલ્ડ વિઝિટ બાદ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં એક વિશેષ બેઠક યોજાઈ હતી. જેમાં મ્યુનિસિપલ કમિશનરે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી પ્રોજેક્ટના મુખ્ય પાસાઓ રજૂ કર્યા હતા.

### યુવાશક્તિનો અનોખો જજબો

# વિશ્વ રક્તદાતા દિવસે ગોત્રીમાં યોજાયેલી શિબિરમાં ૫૩ યુનિટ રક્ત એકત્રિત




(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વિશ્વ રક્તદાતા દિવસના પાવન અવસરે વડોદરાના ગોત્રી વિસ્તારમાં માનવતા મહેકી ઉઠી હતી. એલ.આર. એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા ઈન્દુ બ્લડ બેન્કના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય અને સફળ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવા અને કટોકટીના સમયે જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે તેવા ઉમદા હેતુથી યોજાયેલા આ કેમ્પને સ્થાનિકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. સવારથી જ શિબિર સ્થળે રક્તદાતાઓનો ઉત્સાહ જોવા જેવો હતો. આ સેવા યજ્ઞમાં કુલ ૫૩ રક્તદાતાઓએ સંપૂર્ણ સ્વૈચ્છિક રીતે રક્તદાન કરીને સમાજ પ્રત્યેની પોતાની નૈતિક જવાબદારી અદા કરી હતી. રક્તદાન એ જ મહાદાન છે. તમારું એક યુનિટ લોહી કોઈ અજાણ્યા વ્યક્તિને નવું જીવન આપી શકે છે. દરેક સ્વસ્થ નાગરિકે નિયમિત રક્તદાન કરવું જોઈએ.

ટ્રસ્ટના પ્રતિનિધિઓ આ શિબિરની વિશેષતા એ રહી કે તેમાં માત્ર યુવાનો જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં મહિલાઓ અને વિવિધ ક્ષેત્રના અગ્રણી નાગરિકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રથમ વખત રક્તદાન કરનારા નવયુવાનોના ચહેરા પર એક અનોખો સંતોષ જોવા મળ્યો હતો. ઈન્દુ બ્લડ બેન્કની તબીબી ટીમ દ્વારા સંપૂર્ણ કાળજી અને ચોકસાઈ સાથે રક્ત એકત્રિત કરવાની કામગીરી કરવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે એલ.આર. એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો દ્વારા ઈન્દુ બ્લડ બેન્કની ટીમ, તમામ ઉત્સાહી સ્વયંસેવકો અને ખાસ કરીને રક્તદાન કરનાર તમામ મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. આ તકે ટ્રસ્ટે ભવિષ્યમાં પણ જનકલ્યાણ અને સમાજોપયોગી આવા પ્રવૃત્તિઓ વેગવંતી રાખવાની મક્કમ કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### ૧૨૧ ભૂદેવોને બ્રહ્મભોજન અને મહાપ્રસાદનું વિશેષ આયોજન

# રઘુવંશી લોહાણા મહાજન આયોજિત ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

રઘુવંશી લોહાણા મહાજન વડોદરા, રઘુવંશી લોહાણા મહિલા મંડળ તેમજ યંગ રઘુવંશના સંયુક્ત ઉપક્રમે પવિત્ર પુરષોત્તમ માસ નિમિત્તે આયોજિત સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની આજે સોમવતી અમાસના પવિત્ર દિવસે ભક્તિસભર માહોલમાં પૂર્ણાહુતિ થશે. ઈલોરા પાર્ક સ્થિત કમ્યુનિટી સેન્ટર ખાતે ગત ૯ જૂનથી ૧૫ જૂન દરમિયાન યોજાયેલી આ ભવ્ય કથામાં રાજકોટના જાણીતા મુખ્યાજી ભાવેશભાઈ પંડ્યાએ વ્યાસપીઠ પરથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. સમગ્ર રઘુવંશી લોહાણા સમાજના પિતૃઓના મોક્ષાર્થે અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવાના



દિવ્ય હેતુથી આ ભવ્ય આયોજન કરાયું હતું. સપ્તાહ દરમિયાન દરરોજ વિવિધ ધાર્મિક પ્રસંગો જેવા કે વામન અવતાર, નૃસિંહ અવતાર, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, કૃષ્ણ-સુદામા મિલન અને રૂક્ષ્મણી વિવાહ ખૂબ જ ભક્તિભાવ પૂર્વક અને રંગેચંગે ઉજવવામાં આવ્યા હતા.

### મહારાષ્ટ્ર પોલીસનો વિશેષ આભાર

# ૪૮ દિવસની જહેમત બાદ વડોદરા ચાઈલ્ડ વેલ્ફેર કમિટીએ ૧૩ વર્ષના બાળકનું પરિવાર સાથે મિલન કરાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

ગત ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા રેલવે સ્ટેશન પરથી એક આશરે ૧૩ વર્ષનો અજાણ્યો બાળક મળી આવ્યો હતો. ચાઈલ્ડલાઈન અને રેલવે પોલીસ દ્વારા આ બાળકની ભાળ મેળવી, વડોદરા CWCના ચેરમેન મેહુલ લાખાણીના આદેશથી તેને આશ્રય અને સુરક્ષા માટે સમાજ સુરક્ષા સંકૂલ, દીપક ફાઉન્ડેશન ખાતે મોકલવામાં આવ્યો હતો.

સંસ્થામાં પ્રવેશ મેળવ્યા બાદ પ્રોબેશન ઓફિસર કમ કાઉન્સલર સંધ્યા સપકાળ દ્વારા બાળકનું પ્રેમપૂર્વક કાઉન્સલિંગ શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં બાળકે જણાવ્યું હતું કે તેનું ઘર મુંબઈના મુમ્બ્રા વિસ્તારમાં છે અને તે ઘરે ઝઘડો કરીને ભાગી



આવ્યો છે. તેણે એમ પણ કહ્યું કે તેની બહેન ભરૂચમાં રહે છે. આ માહિતીના આધારે પ્રોગ્રામ મેનેજર મેહુલ ભાટિયા બાળકને લઈને ભરૂચ પણ ગયા હતા, પરંતુ ત્યાં તેનું કોઈ ઘર કે સંબંધી મળી આવ્યા ન હતા. બાળક વારંવાર પોતાના નિવેદનો બદલીને તપાસ કરનારાઓને ગેરમાર્ગે દોરી રહ્યો હતો. આ મહત્વની કડી મળતાં જ CWC ટીમે ગૂગલ પરથી મુંબઈ મુમ્બ્રા પોલીસ સ્ટેશનના પીએસઆઈ અનિલ શિંદેનો સંપર્ક સાધ્યો અને ટેલિફોનિક ચર્ચા કરીને બાળકની તમામ વિગતો આપી. CWC ચેરમેન મેહુલ લાખાણી અને POIC રિતેશ ગુપ્તા સતત પોલીસ સાથે ફોલોઅપમાં રહ્યા હતા. મુમ્બ્રા પોલીસના હેડ કોન્સ્ટેબલ શરીફ તડવીએ બાળકના ફોટા સાથે કવસા વિસ્તારની આરિફ બિલ્ડિંગ પાસે તપાસ શરૂ કરી. ત્યાં રમતા સ્થાનિક બાળકોને ફોટો બતાવતા જ તેમણે બાળકના મામાનું ઘર ચિંધ્યું હતું અને આ રીતે બાળકના અસલી માતા-પિતાનો સંપર્ક થઈ શક્યો હતો.

### લામડાપુરા ગામે સરપંચ પુત્ર દ્વારા અજાણ્યા ભાડૂતી ગુંડાઓ લાવી આતંક મચાવવાનો કેસ

# મંજુસર પોલીસે સરપંચ પુત્ર સહિત 8 સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) સાવલી, તા.15

સાવલી તાલુકાના લામડાપુર ગામે બે દિવસ અગાઉ થયેલ સામાન્ય બોલાચાલી માં ગામના મહિલા સરપંચના પુત્ર ઉપેન્દ્ર ઉર્ફે મુન્નાએ ભાડૂતી ગુંડાઓ ગામમાં લાવીને નગ્ન હથિયારોનું પ્રદર્શન કર્યું હતું અને મારામારી, ધમકી અને તોડફોડ કરીને સમગ્ર ગામમાં ડરનો માહોલ ઊભો કર્યો હતો સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થતા વીડિયોને આધારે મંજુસર પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે સરકાર તરફે હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ ની ફરિયાદના આધારે સરપંચપુત્ર 1 ઉપેન્દ્રસિંહ ઉર્ફે મુન્નો રમણસિંહ પરમાર 2 કલ્પેશભાઈ 3 વીરુ ત્રણેય રહે લામડાપુરા તા સાવલી અને અન્ય પાંચ થી છ જેટલા અજાણ્યા ઈસમો સહિત કુલ 8 શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. લામડાપુરા ગામમાં કેટલાક શખ્સોએ તલવાર, ધારીયા, ફરસી અને લાકડીઓ જેવા હથિયારો સાથે જાહેરમાં ધમાલ મચાવી હોવાના આક્ષેપો સામે આવ્યા હતા. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. વીડિયોમાં એક શખ્સ કમર પર પિસ્તોલ જેવું હથિયાર લટકાવેલો પણ જોવા મળ્યો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.ગ્રામજનોના આક્ષેપ મુજબ, સરપંચના પુત્રએ ગુંડા તત્વોને બોલાવી ગ્રામજનો પર હુમલો કરાવ્યો હતો. હુમલા દરમિયાન બાઈક સહિત અનેક વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી તેમજ જાહેરમાં ગાળો બોલી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. “ગોળી મારશું તો મોંમાંથી ફુવારો નીકળશે” જેવી ધમકી આપવામાં આવી હોવાનો ઉલ્લેખ ફરિયાદ માં કરવામાં આવ્યો છે આ સમગ્ર મામલે વાયરલ વીડિયો અને અન્ય પુરાવાઓના આધારે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. આરોપીઓની ધરપકડ માટે અલગ-અલગ ટીમો સક્રિય કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાને પગલે લામડાપુરા ગામમાં અજંપા ભરી શાંતિ પ્રવર્તી રહી છે. ગ્રામજનો દ્વારા દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. આ બનાવને લઈને સમગ્ર તાલુકામાં ચર્ચાઓ તેજ બની છે. આ અંગે ગ્રામજન હાર્દિક પરમાર અને ભાવનાબેન પરમારે પણ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તમામ દિશામાં તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. અને કસુર વારોને કડકમાં કડક સજા કરવા માટે પોલીસે કમરકસી છે અને ગુનેગારોને ઝડપી પાડવા માટે બાતમીદારો તેમજ સીસીટીવી ફૂટેજ હ્યુમન રિસોર્સિસ એક્ટિવ કરી દીધા છે


## આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: ઓફિસ નં. 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), એમ.એચ. (મહારાષ્ટ્ર) 400072

ગોધરા શાખા: દુકાન નં. 3, 1લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ - 389001 (ગુજરાત)

વડોદરા શાખા: યુનિટ નં. SF-201, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર પાસે, અકોટા કાઉ સર્કલ રોડ, અકોટા, વડોદરા - 390020 (ગુજરાત)

**માંગણી નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) અન્વયે, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 (1) સાથે વાંચતા. અધોસ્વાક્ષરકર્તા, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત કાયદો) હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (એએચએફએલ)ના અધિકૃત અધિકારી છે. ઉક્ત કાયદાની કલમ 13(12) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાની રૂએ, અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ 13(2) હેઠળ માંગણી નોટિસ જારી કરીને નીચે દર્શાવેલા લોનધારક(કો) (“ઉક્ત લોનધારક(કો)”)ને તેમની સામે જારી કરાયેલી સંબંધિત માંગણી નોટિસ(સો) માં દર્શાવેલી રકમ ચૂકવવા માટે જણાવ્યું છે, જે નીચે પણ આપવામાં આવી છે. આ સંબંધમાં, ઉક્ત લોનધારક(કો)ને આ નોટિસના પ્રકાશનના 60 દિવસની અંદર, લોન કરાર અને ઉક્ત લોનધારક(કો) દ્વારા કરાયેલા અન્ય દસ્તાવેજો/લખાણો (જો કોઈ હોય તો) હેઠળ ચૂકવવાપાત્ર, નીચે દર્શાવેલ તારીખથી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધીની માંગણી નોટિસ(સો)માં વિગતવાર જણાવેલ આગળના વ્યાજ સહિત અહીં નીચે દર્શાવેલી રકમ એએચએફએલને ચૂકવવા માટે આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય પુનઃચુકવણીની સુરક્ષા તરીકે, ઉક્ત લોનધારક(કો) દ્વારા અનુક્રમે નીચેની અસ્કયામતો એએચએફએલ પાસે ગીરો મૂકવામાં આવી છે.

| ક્રમ | લોનધારક / સહ-લોનધારક અને જામીનદારનું નામ | માંગણી નોટિસની તારીખ અને રકમ | સુરક્ષિત અસ્કયામતોનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 17610000053/ ગોધરા શાખા) ઇમરાનહુસૈન મહેબૂબશા દિવાન (લોનધારક) બેહિસ્સા જાબીરશા દિવાન (સહ-લોનધારક) | 09-06-2026 ₹ 3,17,270/- | નીચે દર્શાવેલ મિલકતનો સમગ્ર ભાગ અને હિસ્સો: 1/570/K/11/1,2 ખાડી ફળિયું, ગોધરા અમદાવાદ રોડ, વોર્ડ નં. 1/1, પ્લોટ નં. 11, ગોધરા, પંચમહાલ, ગુજરાત 389001. સીમાઓ: પૂર્વ - ખાનગી પ્લોટ નં. 10, પશ્ચિમ - મુખ્ય રોડ, ઉત્તર - R.S. નં. 885\2 પૈકી જમીન, દક્ષિણ - ખાનગી પ્લોટ નં. 12 |
| 2 | (લોન કોડ નં. 03810000245/ વડોદરા શાખા) કૃણાલભાઈ સોલંકી (લોનધારક) ભુપેન્દ્રભાઈ હરિજન અને ઉષાબેન હરિજન (સહ-લોનધારક) | 09-06-2026 ₹ 5,24,899/- | નીચે દર્શાવેલ મિલકતનો સમગ્ર ભાગ અને હિસ્સો: Gf Ff મકાન નં. 12, હરિજન વાસ, આસોજ રોડ, ગામ: આસોજ, જિ. વડોદરા, ગુજરાત, 391775. સીમાઓ: પૂર્વ - સરકારી રોડ, પશ્ચિમ - દલપતભાઈનું મકાન, ઉત્તર - રોડ, દક્ષિણ - ભાઈલાલભાઈ નાથાભાઈનું મકાન |

જો ઉક્ત લોનધારકો ઉપર જણાવ્યા મુજબ એએચએફએલ ને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એએચએફએલ ઉક્ત કાયદાની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે આગળની કાર્યવાહી કરશે, જેનો ખર્ચ અને પરિણામોની સંપૂર્ણ જવાબદારી ઉક્ત લોનધારકોની રહેશે. ઉક્ત લોનધારકોને કાયદા હેઠળ એએચએફએલની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત અસ્કયામતો વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ પણ પ્રકારે હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે. કોઈ પણ વ્યક્તિ જે ઉક્ત કાયદા અથવા તે હેઠળ બનેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા ઉલ્લંઘન કરવા પ્રેરશે, તે કાયદા હેઠળ પ્રાવધાન કરાયેલ જેલની સજા અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

સ્થળ: ગુજરાત
તારીખ: 16-06-2026

સહી/- અધિકૃત અધિકારી
વતી: આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ



## વડોદરા મહાનગરપાલિકા

એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ

www.vmc.gov.in

જાહેર સુચના

**પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વારસીયા-સંજયનગર ખાતે તૈયાર થનાર EWS-1 ટાઈપના આવાસો ફાળવવા અંગેના ઓનલાઈન ફોર્મ ભરવાની સમય મર્યાદા લંબાવવા બાબત**

વડોદરા મહાનગરપાલિકાની એફોર્ડેબલ હાઉસીંગ શાખા, રાવપુરા દ્વારા PRO No : ૧૧૭૫/૨૫-૨૬ થી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વિવિધ યોજનામાં આવાસો મેળવવા ઓનલાઇન મંગાવવાની પ્રક્રિયા કરવામાં આવેલ હતી. જે પૈકી **વારસીયા-સંજયનગર રે.સર્વે નં.૩૮૪-૮૧૪-૪૧૭ (બેન્કર્સ હાર્ટ હોસ્પીટલ સામે, વારસીયા રિંગ રોડ, વારસીયા-સંજયનગર)**ખાતેના **EWS-1** ટાઈપના આવાસ (**આવાસની કિંમત રૂ.૩,૦૦,૦૦૦/-**) મેળવવા માટે ઓનલાઇન ફોર્મ ભરવાની સમયમર્યાદા વધુ **30 દિવસ** એટલે કે **તા.૧૫/૦૭/૨૦૨૬ સાંજના ૦૬.૦૦ કલાક** સુધી લંબાવવામાં આવે છે.

**તા.૧૫/૦૭/૨૦૨૬ના** રોજ **સાંજના ૦૬.૦૦ કલાક** સુધી ફોર્મ ભરી શકાશે તથા જરૂરી દસ્તાવેજો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ **www.vmc.gov.in** પર અપલોડ કરી શકાશે. જેની જાહેર જનતાએ નોંધ લઈ તેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

**પી.આર.ઓ.નં. ૧૭૯/૨૬-૨૭** **એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા પ્રકાશિત**



## Dakshin Gujarat Vij Company Limited

DGVCL

CIN U40102GJ2003SGC042909

**Regd. & Corp. Office : ‘Urja Sadan’,**

N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT

DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders are invited for “Annual Rate contract for Day to day repair of office furniture for maintenance in corporate office and Annual Maintenance contract for execution of emergency civil work, misc. work, addition alteration etc.in DGVCL Corporate office”. Tender is put up on https://tender.nprocure.com (For view, download and online submission) and www.dgvcl.com (For view & download only).

| Sr. No. | Tender No. | Estimated Cost |
|---|---|---|
| 1 | DGVCL/Corp./Civil/ARC Furniture/300 | Rs. 2360000.00 (Incl. GST) |
| 2 | DGVCL/Corp./Civil/ARC Civil Maint./310 | Rs.3540000.00 (Incl. GST) |

**Note**: Bidders may visit the above website/s for regular updates till opening of the tender. **ACE (P), DGVCL, Surat.**